# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.
2. 2,800 કિલોમીટરથી વધુ લાંબા ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરને પ્રધાનમંત્રીએ 21મી સદીના ભારત માટે એક ઐતિહાસિક સિદ્ધિ અને દેશની બદલાતી કાર્ય સંસ્કૃતિનો પુરાવો ગણાવ્યો.
3. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે દેશમાં રેલવેનું આધુનિકીકરણ થઇ રહ્યું હોવાનું જણાવ્યું.
4. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી શ્રીલંકાના ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસે જવા રવાના.
5. સાઉદી અરેબિયા પર હુથીઓએ કરેલા હુમલામાં 70થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ.

---------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM VADODARA -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વડોદરામાં ₹35,000 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું  પ્રધાનમંત્રીએ ફ્રેટ કોરિડોર નેટવર્કનુ સંચાલન કરતા પશ્ચિમી સમર્પિત ફ્રેટ કોરિડોરના ત્રણ મુખ્ય વિભાગો રાષ્ટ્રને સમર્પિત કર્યા. પ્રધાનમંત્રીએ ન્યૂ સાણંદ, ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમ્બરગાંવ અને ન્યૂ જેએનપીટીથી ફ્રેટ ટ્રેન સેવાઓને પણ લીલી ઝંડી આપી, અલીરાજપુરના દૂરના આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલ ગ્રીડ સાથે જોડતી ટાંડા રોડ અને વડોદરા વચ્ચે નવી પેસેન્જર ટ્રેન સેવાનો પણ આરઁભ કરાવ્યો

વિશાળ સભાને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના ઝડપી પરિવર્તન પર પ્રકાશ પાડ્યો, 2,800 કિલોમીટરથી વધુ લાંબા ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના પૂર્ણ થવાને 21મી સદીના ભારત માટે એક ઐતિહાસિક સિદ્ધિ અને દેશની બદલાતી કાર્ય સંસ્કૃતિનો પુરાવો ગણાવ્યો.

બાઇટ પીએમ મોદી ( ગતિશક્તિ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે  જોકે આ પ્રોજેક્ટ શરૂઆતમાં 2006 માં કલ્પના કરવામાં આવ્યો હતો, તે વર્ષોની નિષ્ક્રિયતાને કારણે ન થઇ શક્યો . તેનાથી વિપરીત, છેલ્લા દાયકામાં ઝડપી અમલીકરણે રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ ઇકોસિસ્ટમને સંપૂર્ણપણે બદલી નાખી છે. આજે ફ્રેઇટ કોરિડોર ઝડપથી વિકાસશીલ ભારત માટે જીવનરેખા તરીકે કામ કરે છે.

બાઇટ પીએમ મોદી (વિકસિત ભારત)

# PM VADODARA -2

કાર્યકારી અસર પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે માલવાહક ટ્રાફિકને પેસેન્જર લાઇનથી અલગ કરવાથી કાર્યક્ષમતામાં ભારે સુધારો થયો છે. તેમણે ભાર મૂક્યો કે મુસાફરીના સમયમાં મોટા પાયે ઘટાડો ઇંધણની નોંધપાત્ર બચત કરી રહ્યો છે, પર્યાવરણીય અસર ઘટાડી રહ્યો છે અને સમગ્ર રાષ્ટ્ર માટે ઝડપી, સ્વચ્છ સપ્લાય ચેઇન સ્થાપિત કરી રહ્યો છે.

કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદીએ 9,700 કરોડથી વધુના ત્રણ રેલ્વે વિસ્તરણ પ્રોજેક્ટ્સ અને 1,780 કરોડના ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો હતો જે ગુજરાત અને મધ્યપ્રદેશની કનેક્ટિવિટી વધારવા માટે છે. તેમણે 2,600 કરોડના ગુજરાત સરકારના વિવિધ નાગરિક અને માળખાગત પ્રોજેક્ટ્સ પણ લોન્ચ કર્યા, જેમાં કડાણા ડેમ ખાતે 110 મેગાવોટ ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ અને PMAY હાઉસિંગ યુનિટનો સમાવેશ થાય છે.

બપોર બાદ પ્રધાનમંત્રી નવસારીમાં ભાજપના નવા AI-સક્ષમ, હાઇ-ટેક ઓફિસનું ઉદ્ઘાટન કરવા માટે નવસારીની પણ મુલાકાત લેશે.

## ASHWINI VAISHANAV

પ્રધાનમંત્રીના વડોદરાના કાર્યક્રમ દરમિયાન સ્વાગત પ્રવચનમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, દેશમાં રેલવેનું આધુનિકીકરણ થઇ રહ્યું છે તે એક દેશના ઇતિહાસમાં સિમાચિહ્ન રૂપ છે.

**બાઇટ : અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે મંત્રી**

## RAJNATH - SRI LANKA VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી શ્રીલંકાના ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસે જવા રવાના થયા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે શ્રીલંકા પાડોશી પ્રથમ અને મહાસાગર પહેલ હેઠળ ભારતના સૌથી મહત્વપૂર્ણ ભાગીદારોમાંનું એક હોવા પર ભાર મૂક્યો. મુલાકાત દરમિયાન તેઓ શ્રીલંકામાં ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CHEMO DAY-CARE UNIT

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ડૉ. જીતેન્દ્ર સિંહ આજે મધ્યપ્રદેશના વિદિશામાં અટલ બિહારી વાજપેયી મેડિકલ કોલેજમાં કીમોથેરાપી ડે-કેર યુનિટનું ઉદ્ઘાટન કરશે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી રાજેન્દ્ર શુક્લા આ કાર્યક્રમમાં હાજરી આપશે.

આ નવું યુનિટ કેન્સરના દર્દીઓને વધુ સારી અને વધુ વ્યવસ્થિત કીમોથેરાપી સેવાઓ પ્રદાન કરશે. ઉદ્ઘાટન બાદ કેન્દ્રીય મંત્રી ડે-કેર યુનિટની મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરશે.

# BIHAR FLOODS

બિહારમાં, ગંગા, ગંડક, કોસી અને સોન સહિત વિવિધ નદીઓના પાણીના સ્તરમાં ઘટાડો થતા પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને રાહત મળી છે. જોકે, પાણીના સ્તરમાં વધારો થવાને કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ ગંભીર છે.

# JOSHI - LITERACY DAY

આજે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ ઉજવાઇ રહ્યો છે. શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે, સાક્ષરતા જ્ઞાન, તક અને સારા ભવિષ્યના દ્વાર ખોલે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી જોશીએ લોકોને શિક્ષણને પ્રોત્સાહન આપવા અને કોઈ પણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહે તેની ખાતરી કરવા અપીલ કરી હતી. શ્રી જોશીએ કહ્યું કે, શિક્ષિત અને સશક્ત નાગરિકો એ વિકસિત ભારતનો મજબૂત પાયો છે.

## PM-BHUPEN HAZARIKA

આસામના પ્રખ્યાત ગાયક અને વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય, ભારત રત્ન ડૉ. ભૂપેન હજારિકાની આજે 100મી જન્મજયંતિ પર મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, ડૉ. હજારિકાનો અવાજ આસામના આત્મા અને ઉત્તરપૂર્વની ભાવનાને સમગ્ર રાષ્ટ્ર સુધી પહોંચાડે છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ભારત રત્ન ડૉ. ભૂપેન હજારિકાનો અમર વારસો રાષ્ટ્ર નિર્માણના દ્રષ્ટિકોણને પ્રેરણા આપતો રહેશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ડૉ. ભૂપેન હજારિકાને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, ડૉ. હજારિકા એક ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક પ્રતિમા અને સ્વપ્નદ્રષ્ટા હતા. જેમણે આસામના આત્માને અવાજ આપ્યો અને તેમના સંગીત અને ગહન માનવતાવાદ દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવ્યો.

# UN-BALOCH-HUMAN RIGHTS

સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર નિષ્ણાતોએ પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં બલોચ નિવાસી ઇમરાન અલીના કથિત બળજબરીથી ગુમ થવા અને ન્યાયિક હત્યા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. નિષ્ણાતોએ પાકિસ્તાનને તેની અટકાયત અને મૃત્યુની તાત્કાલિક, સંપૂર્ણ, સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવા અપીલ કરી છે.

ગયા વર્ષે ઓગસ્ટમાં સુરક્ષા કર્મચારીઓ દ્વારા અલીનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં પાકિસ્તાની અધિકારીઓએ મે 2026માં એક કથિત એન્કાઉન્ટરમાં તેની હત્યા કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. નિષ્ણાતોએ અન્ય અજાણ્યા મૃતદેહોના અહેવાલો પર પણ ચિંતા વ્યક્ત કરી છે.

# SARABIA-HOUTHI- ATTACKS

સાઉદી અરેબિયા પર આજે હુથીઓએ કરેલા હુમલામાં 70થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. યમનમાં હૂથી વિદ્રોહીઓ અને સાઉદી સમર્થિત સરકારી દળો વચ્ચે અઠવાડિયાથી ચાલી રહેલી અથડામણો બાદ આ હુમલા કરવામાં આવ્યા છે, જેથી ગૃહયુદ્ધમાં ચાર વર્ષના યુદ્ધવિરામનો અંત આવ્યો છે.

સાઉદી અધિકારીઓએ જણાવ્યું હતું કે, સાઉદી શહેરોમાં નાગરિક અને આર્થિક સુવિધાઓને લક્ષ્ય બનાવતા હુમલાઓમાં મહિલાઓ અને બાળકો સહિત 73 લોકો ઘાયલ થયા છે. સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધનના પ્રવક્તાએ હુમલાઓને ગંભીર ઉગ્રતા ગણાવતા તેનો બદલો લેવાની વાત કરી, જોકે હૂથી વિદ્રોહીઓએ આ હુમલાઓ અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી.

# HOCKEY- JUNIOR ASIA CUP

હોકીમાં, ભારતની જુનિયર પુરુષ ટીમ આજે ચીનના મોકી ખાતે કેપ્ટન અનમોલ એક્કાના બે ગોલની મદદથી દક્ષિણ કોરિયા સામે 7-3થી જીત મેળવીને એશિયા કપ સેમિફાઇનલમાં પ્રવેશવાની નજીક પહોંચી ગઈ છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ પાસે હવે સાત પોઈન્ટ છે અને સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે કાલે ચાઇનીઝ તાઈપેઈ સામે જીત જરૂર છે.